

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કોઈ આયોજન વગર રણમાં પાણી છોડે છે,*
*ઈમેજ સુધારવા દિશાવિહીન ઘોડા દોડે છે,*
*આશા હતી 'વશીકરણ'ની રસીકરણથી -*
*'મફત'ની પડાપડીમાં પ્રજા ટાંટિયા તોડે છે.*

હાઈકુ

*માથું સેવાળે*
*ઊંચા રહે બે પગ*
*દેખાદેખીમાં...*
*(દંભી જાહેરાતો)*

*પછડાટમાં*
*થઈ ગ્યું શિર્ષાસન !*
*ડોલે આસન!*
*(આબરુંના કાંકરા)*

### ચિંતન

***સુરરસિ વર્ચોધા અસિ તનૂપાનોડસિ । આપ્નહિ શ્રેયાંસમતિ ક્રામં ક્રામ ॥***

**ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.**

**હે મનુષ્યો !! માનવજીવનને સાર્થક બનાવવા માટે જ્ઞાન પ્રાપ્ત કરો, તેજસ્વી બનો અને શારીરિક દૃષ્ટિથી બળવાન બનો. પોતાની વર્તમાન સ્થિતિથી સંતુષ્ટ ન રહેતા આગળ વધવાનો પ્રયાસ કરતાં રહો.**

**ગમે તેટલું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય, પરંતુ જો તેને સતત પરિમાર્જિત ન કરવામાં આવે તો કાળાંતરે તે નિરુપયોગી થઈ જાય છે. વાસણોને ફક્ત એકવાર માંજવાથી કામ ચાલતું નથી. વાતાવરણનો પ્રભાવ તેમને મલિન કરી નાંખે છે. તેમને સ્વચ્છ તથા ઉપયોગી રાખવા માટે નિત્ય માંજવા તથા ધોવા પડે છે. એજ પ્રમાણે જ્ઞાનને પણ સ્વાધ્યાય જ દ્વારા પ્રખર કરવામાં ન આવે તો તેના પર પણ અજ્ઞાનતાની ધૂળ જામવા લાગે છે અને અભ્યાસ ન રહેવાને કારણે તે ભૂલાઈ જાય છે.**

**યોગ્ય રીતે એકાગ્રતાપૂર્વક સ્વાધ્યાય કરવામાં આવે તો મનુષ્યમાં ઓજસ અને તેજસની વૃદ્ધિ થાય છે. માનસિક તથા શારીરિક બળ વધે છે. અને માનવજીવન સાર્થક થાય છે. સ્વાધ્યાયથી મનુષ્યનું ચરિત્ર સોનાની જેમ ચમકવા લાગે છે. તેનાથી સદ્ગુણોની વૃદ્ધિ થતી જાય છે. અને દોષદુર્ગુણોથી છુટકારો મળે છે. અને મનુષ્ય તેજસ્વી, ઓજસ્વી અને વર્ચસ્વી બને છે.**

### સુવિચાર

- આભ છો બદલ્યા કરે ને તેજ, છાયા રંગ..,
  ધ્રુવ તેના સ્થાન પર રહેશે સદા નિઃશંક - **હરસુર ગઢવી**
- કર્તવ્યપાલન એ પણ ઈશ્વરભક્તિ છે - **બોધિવૃક્ષ**
- જેનામાં પાગલપણાંનું લગીરે મિશ્રણ ન હોય એવો
  એકેય મહામાનવ પૃથ્વીના પર પર કયારેય પાક્યો નથી - **જીવનપાથેય**
- અપનોં ને સિખાય... કોઈ અપના નહીં હોતા - **જીમી લલવાની**
- ક્રોધમાં તિરસ્કાર છે જયારે ક્ષમામાં પુરસ્કાર છે.
  ક્રોધમાં અહંકાર છે જયારે ક્ષમામાં પ્રેમ લાગણી છે - **શ્રેણિક દલાલ**
- માત્ર સત્યના હિમાયતી નહીં, ખુદ સત્ય સ્વરુપ બનો - **રામતીર્થ**
- આજનું ઔષધ : ગોળની સાથે અડધો કાચો કાંદો પીસીને પેસ્ટ સવાર-સાંજ ખાવાથી ખાંસી મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

વડોદરા જીએસએફસીના કારખાનાની બહાર કેટલાક મુસાફરો વડોદરા શહેર તરફ જતી પબ્લીક ટ્રાન્સપોર્ટ બસની રાહ જોઈને ઊભા હતા. એવામાં એક રીક્ષા લઈ એક ભાઈ આવ્યા. જયાં આ અજાણ્યા મુસાફરો ઊભા હતા. ત્યાં રીક્ષા ઉભી રાખીને કોઈને ઈલોરા પાર્ક તરફ આવવાનું હોય તો ચાલો બેસો. એવી ટહેલ નાખી. રીક્ષા ચલાવનારા ભાઈ અપંગ હતા. આથી પેલા મુસાફરોને એમના પર દયા આવી. અને અપંગ ને કંઈક મદદ થાય એવી ભાવના સાથે ઈલારો પાર્ક તરફ જનારા મુસાફરો તેમાં બેસી ગયા. મુસાફરોને મજા આવી કારણ કે આ રીક્ષા એકદમ ચોખ્ખી હતી. અને સરસ મજાના ભજન કિર્તન સ્ટીરીયોમાં વાગી રહ્યા હતા. રીક્ષામાં બેઠેલા એક મુસાફરે રીક્ષાવાળાને ઈલોરા પાર્ક પહેલા રીક્ષા ઊભી રાખવા કહ્યું. રીક્ષા ઊભી રહી મુસાફરે નીચે ઉતરીને પાકીટ કાઢ્યું અને પૂછ્યું, 'કેટલા પૈસા થયા ?' રીક્ષા ચલાવનારે બે હાથ જોડીને કહ્યું, 'બસ, આપના આશીર્વાદ આપજો.' આટલુ કહી રીક્ષા હાંકી કાઢી. રીક્ષામાં બેઠેલા બીજા મુસાફરોને આશ્ચર્ય થયું કે આ ડ્રાઈવરે ભાડાના પૈસા કેમ ન લીધાં ? એક મુસાફરે પૂછ્યું કે તમે પૈસા ન લીધાં ? ત્યારે ડ્રાઈવરે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'ભાઈ, મારે ભાડાના પૈસાની જરૂર જ નથી. ડ્રાઈવરે સ્પષ્ટતા કરતાં કહ્યું, 'ભાઈ, મારે ભાડાના પૈસાની જરૂર જ નથી. હું આ જીએસએફસીમાં જ કલાસ-૨ અધિકારી તરીકે ફરજ બજાવું છું.' મારે મારી અપંગતાને પડકારવી હતી કોઈની મદદ વિના ઓફીસ અપડાઉન કરવા ઓટો લીધી છે. અને આવતા જતા લોકોને બેસાડું તો મારાથી સેવા થાય, કોઈનો સમય બચે પણ લોકોનો પ્રેમ પણ મળે.' રીક્ષા ચલાવનારનું નામ છે ઉદયભાઈ ભટ્ટ જેમના પગને પોલિયો થયો હતો. ભગવાનને ફરિયાદ કરવાને બદલે તેમણે પોતાની જાતને મજબૂત બનાવી. જિંદગી ખુમારી સાથે જીવવાનો એમનો અભિગમ કાબિલ એ દાદ કહેવાય તથા એમને જીવનને ભરપૂર માણ્યાનો સંતોષ પણ જોવા મળે.

# યાત્રા કરતાં જિંદગી વધારે મહત્ત્વની છે

**તંત્રીસ્થાનેથી...**

આમ તો જિંદગી પણ જન્મ અને મૃત્યુ વચ્ચેના સમયગાળાની યાત્રા જ છે, પરંતુ માનવી એ યાત્રા દરમિયાન બીજી અનેક યાત્રાઓ કરતો રહે છે. હિંદીમાં 'પ્રવાસ' માટે 'યાત્રા' શબ્દ જ વપરાય છે. એક ગામથી બીજા ગામ જવાની રેલ ટિકિટ પર 'આપ કી યાત્રા સુખદ રહે' જેવાં સ્વસ્તિવચનો લખેલાં જોયાં હશે. ગુજરાતી ભાષામાં 'યાત્રા'ને આપણે ધાર્મિક પ્રવાસ પૂરતી સીમિત કરી દીધી છે. અંગ્રેજીમાં પણ પ્રવાસ માટે 'જર્ની' શબ્દ છે અને યાત્રા માટે 'પિલગ્રિમેજ'. ભાષાની આ સૂક્ષ્મતા માનવીની ચેતના સાથે સંકળાયેલી છે. દક્ષિણ છેડે જન્મેલા આદિ શંકરાચાર્યને આખા આર્યવર્ત - ભારતવર્ષને જોડવાનો વિચાર આવ્યો અને એમણે પગપાળા યાત્રા કરીને ચાર ધામ સ્થાપ્યાં તે પૂર્વમાં પુરી, પશ્ચિમમાં દ્વારકા, ઉત્તરમાં બદરીનાથ અને દક્ષિણમાં શ્રૃંગેરી પૂઠ તરીકે જગપ્રસિદ્ધ છે. પરંતુ હિંદુ સનાતન જનમાનસમાં જે 'ચાર ધામ' ફિટ થઈ ગયાં છે તે તો ઉત્તરાખંડમાં ગંગોત્રી, યમુનોત્રી, બદરીનાથ અને કેદારનાથ જ છે. પેલી ચાર શંકરપીઠો કરતાં આ 'ચાર ધામ' પરાપૂર્વથી સનાનત ધર્માનુયાયીઓના ચિત્તમાં સ્થપાઈ અને છપાઈ ગયેલાં છે. એટલે એ પછીનાં વધુ શ્રમસાધ્ય અને પ્રાકૃતિક વૈભવ ધરાવતાં અમરનાથ કે કૈલાસ માનવસરોવરની યાત્રા ભલે ન થઈ શકે પણ આ પરાપૂર્વથી પ્રસિદ્ધ ચારધામ તો પાછલી ઉંમરે કરવાં જ કરવાં, એવી એક દૃઢ માન્યતા પ્રવર્તે છે. અદલ પાક મુસલમાન જેમ હજ માટે ઉત્સુક હોય એમ સરેરાશ, ખાતોપીતો હિંદુ મરતાં પહેલાં ઉત્તરાખંડમાં નગાધિરાજ હિમાલયની ગોદમાં વસેલા આ ચાર ધામની 'જાત્રા' જરૂરી માને છે. એ મોક્ષનો માર્ગ મોકળો કરી આપે છે. ગંગોત્રી એ ગંગાનું મૂળ છે, યમુનોત્રી યમુનાનું; બદરીનાથ ભગવાન વિષ્ણુનું ભવ્ય મંદિર છે અને કેદારનાથ શિવજીનું. બદરી-કેદાર ભેગાં જ બોલાય છે અને એ આદિ શંકરાચાર્ય દ્વારા જ સ્થાપિત કરાયેલ છે. શૈવ અને વૈષ્ણવ ફિરકાઓ વચ્ચેનું સામંજસ્ય સ્થાપવાનો આ ઐતિહાસિક પુરુષાર્થ બત્રીસ વર્ષની વયે સ્વધામ સિધાવેલા એક કવિ-ધર્મગુરુ-જગદ્ગુરુની ભવ્ય કલ્પનાની ફલશ્રુતિ છે. હમણાં કોરોના સંકટને લીધે આ યાત્રા પર સરકારી પ્રતિબંધ હતો તેમાંથી મુક્તિ મળી છે. પરંતુ ઉત્તરાખંડની હાઈકોર્ટે એ યાત્રા ખુલ્લી કરતાં વખત પૂરતો સ્ટે આપેલ છે. રાજય સરકારે યોગ્ય વ્યવસ્થાપનનું સોગંધનામું રજૂ કરવામાં પણ લોચા માર્યા છે. કુંભમેળા વખતની એસઓપી જ ડિટ્ટો ટુ ડિટ્ટો કોર્ટ સમક્ષ રજૂ કરી દેતાં સ્વાભાવિક રીતે જ કોર્ટને ખીજ ચઢી છે. સોગંધનામામાં હરદ્વાર જિલ્લો દર્શાવાયો છે જયારે આ ચારધામ તો ઉત્તરકાશી જિલ્લામાં આવેલ છે. કોર્ટે જે નિરીક્ષણ કર્યું છે તે વાજબી અને વ્યવહારિક છે. ધર્મના નામે જીવનને જોખમમાં ના મૂકી શકાય. ઈશ્વર કયારેય બીમાર માણસને હોસ્પિટલને બદલે મંદિરે પહોંચાડવાનું નથી કહેતો. પરંતુ ધર્મના રાજકારણ ચલાવનારાઓ જનમાનસમાં રૂઢ થઈ ગયેલી પરંપરાઓ અને માન્યતાઓને પોષવામાં જ ફાયદો જોતા હોય છે. આ મુદ્દો દરેક ધર્મના અંધશ્રદ્ધાળુ અનુયાયીઓ અને ધર્મનો વેપલો માંડી બેઠેલા પપૂધધુઓથી લઈ રાજકારણીઓને લાગુ પડે છે. ગુજરાતમાં રથયાત્રા મુદ્દે આ જ બાબત સરકારની શિરોવેદના બની રહેલ છે. રથયાત્રા ન નીકળે તો પોતે કોઈ આકરું પગલું ભરી બેસસે એવી ધાકધમકીઓ પણ સાધુ-સંતો દ્વારા અપાતી રહે છે. આ એક પ્રકારની ઘેલછા છે. સરકારને પછી વચગાળાનો રસ્તો કાઢવો પડે છે કારણ કે એને તો આ બધા ધર્માધ્યાક્ષોના અવૈજ્ઞાનિક વિચારોને સ્વીકારી ઈશ્વરના ખોફથી ફફડતી પ્રજાના વોટ બટોરવાના છે. લોકશાહી દેશ ભારતની વોટબેંકો પર ફણીધર નાગની જેમ ફેણ ચડાવીન બેઠેલા અભણ ધર્માધ્યક્ષો કયાં અને દેશને એક સૂત્રમાં પરોવવા એ સમયે ચારે દિશાઓમાં ધર્મપીઠો સ્થાપનાર આદિશંકરાચાર્ય કયાં !

# વેબ સિરીઝ લખવી છે ? આ રહ્યો મસાલો...



મન-રંજન
દ્વનિલ પારેખ



કોરોના મહામારી અને લોકડાઉનને કારણે સિનેમાગૃહો, નાટ્યગૃહો બંધ થયાં. ઘરમાં કેદ થયેલા લોકો માટે મનોરંજનનું એકમાત્ર સાધન ટી.વી. હતું. પરંતુ લોકડાઉનને કારણે શૂટિંગ પણ બંધ રહેતા ટી.વી. ઉપર જૂના કાર્યક્રમોનું પુનરાવર્તન શરૂ થયું. ધારાવાહિકો જૂનાં હપ્તાઓનું પ્રસારણ શરૂ થયું. એમાં 'રામાયણ' અને 'મહાભારત' જેવી ધારાવાહિકોએ લોકપ્રિયતા મેળવી પણ આવા પુનઃપ્રસારણથી લોકોની મનોરંજનની તરસ કંઈ પૂરી થઈ નહોતી. આવા સંજોગોમાં ઓપન પ્લેટફોર્મ પર રજૂ થયેલી વેબસિરીઝે કમાણી પણ સારી કરી અને લોકોને અનવવું મનોરંજન પણ પૂરું પાડ્યું.

ઓપન પ્લેટફોર્મના શરુઆતના દિવસોમાં નેટફ્લિક્સ અને પ્રાઈમ એમેઝોને ખાસ્સી લોકપ્રિયતા હાંસલ કરી હતી. અત્યારે પણ નેટફ્લિક્સ અને પ્રાઈમ એમેઝોન પર હિન્દી ભાષા સિવાય પણ અન્ય દેશી-વિદેશી ભાષાની વેબસિરીઝ અને ફિળિમો રજૂ થતી રહે છે. વેબસિરીઝના શરુઆતના દિવસોમાં નવાઝુદ્દીન સિદ્દિકી અભિનિત 'સેક્રેડ' અને પંકજ ત્રિપાઠી અભિનિત 'મિરઝાપુર' વેબસિરિઝે ઘણી ચર્ચાઓ જગાવી હતી. પરંતુ આ બંને સિરિઝની સીઝન-૨ અત્યંત નિષ્ફળ રહી હતી. એનું કારણ એ છે કે આ બંને સિરીઝની સિઝન-૧ રજૂ થાય ત્યાં સુધી દર્શકો વેબસિરીટની નાડ પારખી ચૂક્યા હતા. અને એમાં કેવા પ્રકારનો મસાલો રજૂ કરવામાં આવે છે, એ વિશે દશકો અનુમાન લગાવી શકતા હતા. દુનિયાભરમાં અત્યારે વેબસિરીઝ મનોરંજનનો મોટો મસાલો ગણાય છે. ઓપન પ્લેટફોર્મ પર રજૂ થવાને કારણે એના પર કોઈ રોકટોક જોવા મળતી નહોતી. ફિલ્મોએ રજૂ થવા માટે સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર મેળવવું પડે એવી કડાકૂટ વેબસિરીઝ સાથે નહોતી. એને કારણે સેક્સ, હિંસા, વલ્ગારિટી, અભદ્ર ભાષાપ્રયોગનો જાણે રાફડો ફાટી નીકળ્યો. કોઈ પણ વેબસિરીઝ માટે આ બદાં તત્ત્વો અનિવાર્ય બની ગયાં. 'સેક્રેડ' કે 'મિરઝાપુર' રજૂ થઈ તી ત્યારે શરુઆતમાં એક આકર્ષણ રહ્યું હતું પણ પછી તો એવી ચીલો જ પડી ગયો. જરૂરી ન હોય તો પણ બેફામ ગાળો બોલવી, જુગુપ્સા પ્રેરે એવા હિંસાત્મક દશ્યો રજૂ કરવાં, રહસ્યના નામે કોઈ એક રાજકારણીની હત્યા કરવી, આતંકવાદની ભૃષ્ઠભૂમિકા રચવી, કોઈ મોટા બિઝનેશમેનની હત્યા, એ બિઝનેસમેનના અનૈતિક સંબંધો, ભ્રષ્ટાચાર, ડ્રગ્સની હેરાફેરી - આ બધાં તત્ત્વો વેબસિરીઝનો મસાલો બની ગયો. ફિલ્મોમાં અભદ્ર ભાષાથી દૂર રહેલા દર્શકને શરુઆતમાં ગમવા લાગ્યું પછી દરેકમાં આજ તત્ત્વો જોઈને એને ઊબકા આવવા લાગ્યા. આ પ્રકારના તત્ત્વોને કારણે વિવાદો પણ ઊભા થવા લાગ્યા.

સૂચના અને પ્રસારણ મંત્રાલયને પણ લાગ્યું કે ઓપન પ્લેટફોર્મ પર અંકુશ હોવો જરૂરી છે. સૈફઅલીખાન અભિનિત 'તાંડવ' વેબસિરીઝનો કારણે પણ ઘણો વિવાદ થયો હતો. બોલીવુડના ઘણા અભિનેતાઓ - અભિનેત્રીઓનો વેબસિરીજનું આકર્ષણ થયું. મનોજ વાજપેયી, અભિષેક બચ્ચન, નસીરુદ્દીન શાહ, નવાઝુદ્દીન સિદ્દિકી, પંકજ ત્રિપાઠી, પૂજા ભટ્ટ, આશિષ વિદ્યાર્થી સહિત ઘણા નામી - અનામી કલાકારો વેબસિરીઝમાં ચમકવા લાગ્યા. ઓપન પ્લેટફોર્મને કારણે મનોજ વાજપેયી અભિનિત 'ભોંસલે' (રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા) ફિલ્મ જોવા મળે, એ એનું જમા પાસું ગણાય. એટલે, જેને પણ વેબસિરિઝ લખવાનો શોખ હોય અને એને માટે મસાલો જોઈતો હોય તો બે ચાર વેબસિરીઝ જોઈ નાખો, એટલે ખ્યાલ આવી જશે.

# માણસ : એક વસાવે શેર, એક વિદેશ ગયા ન વિસરે અને એક લાખું દેતાં ન મળે

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com



**(દુહા સૌજન્ય : શ્રી ગોરધન પટેલ 'કવિ')**

ગુજરાતમાં થઈ ગયેલા એક મહાન સમ્રાટ સિધ્ધરાજ જયસિંહ (ઈ.સ.૧૦૯૪-૧૧૪૩) નાં સમયમાં એક ચારણ કવિ થઈ ગયા. સમ્રાટ જયસિંહે એ ચારણ કવિને પોતાનાં દરબારમાં નિમંત્રણ આપીને તેમનું સન્માન કર્યું હતું અને સન્માનરૂપે એ કવિને મમાણા નામનું ગામ પણ ભેટ આપ્યું હતું. એ ચારણ કવિ મૂળ રાજસ્થાનના કવિ સિધ્ધનાં થરપાકરનાં મિશણ શાખાના હતા. એ કવિએ લખેલા ઘણાં દુહાઓની જૈન મુનિવર, ગણિતશાસ્ત્રી, વ્યાકરણશાસ્ત્રી અને વિદ્વાન શ્રી હેમેન્દ્ર આચાર્યએ પોતાના અપભ્રંશ ભાષાનાં ગ્રંથમાં પણ ઉદાહરણ રૂપે ટાંકયા છે. આજે લગભગ એક હજાર વર્ષ પછી પણ એ કવિના ઘણાં દુહાઓ લોકજીભે છે અને ખાસ કરીને આપણાં લોકસાહિત્યકારો પોતાનાં કાર્યક્રમમાં એ દુહાઓ વિવિધ સંદર્ભે રજૂ કરતાં હોય છે.

જે રીતે શ્રીમદ ભગવદ ગીતામાં મોટાભાગનાં શ્લોક શ્રીકૃષ્ણએ અર્જુનને સંબંધીને કહ્યા છે એ જ રીતે મોટાભાગનાં દુહાઓ આ કવિએ પોતાનાં પુત્ર કરમાણદને સંબોધીને કહ્યા છે. આ કવિ બીજા કોઈ નહિ પણ કવિ આણંદ.

લોકકવિ આણંદે મોટાભાગે જીવનની ફિલસૂફીને સમજાવતા, દીકરાને ઠપકો આપતા, લોક-વ્યવહારની સમજ આપતાં અને શિખામણ આપતાં દુહાઓની રચના કરી હતી. આ દુહાઓમાંનાં ત્રણ દુહાઓ;

આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર,
એક ગામ ઉજડ કરે, ને એક વસાવે શેર.
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર,
એક વિદેશ ગયા ન વિસરે, બીજા પાસે ન પોષાય.
આણંદ કહે કરમાણંદા, માણસે માણસે ફેર,
એક લાખું દેતાં ન મળે, બીજા તાંબીયાનાં તેર.

અહીં કવિએ ત્રણ પ્રકારનાં માણસોની અને એ ત્રણેય પ્રકારમાં એકબીજાથી તદ્દન વિપરીત પ્રકારનાં માણસોની વાત કરી છે. કવિની દ્રષ્ટીએ કેટલાક માણસો એવા ગુણીયલ હોય છે કે જે ઉજ્જડ ગામને પણ નંદવન બનાવી શકતા હોય છે, નવા શહેરોને પણ વસાવી શકે એટલા ગુણવાન હોય છે. કદાચ, આ પ્રકારનાં માણસો જ આપણી સ્મૃતિમાં કયાં રહેતા હોય છે, આપણાં હૃદયમાં કાયમ માટે વસી જતાં હોય છે અને આવા જ માણસો આપણી નજીક હોય કે આપણાંથી હજારો કિલોમીટર દેશ કે વિદેશમાં વસ્યા હોય, આપણે તેઓને ક્યારેય વિસરી શકતા નથી, ભૂલી શકતા નથી. સમાજમાં આ પ્રકારનાં માણસોનું જ સાચું મૂલ્ય હોય છે, તેમની કિંમત થતી હોય છે. કવિ કહે છે એમ ક્યારેક તો લાખો રૂપિયાનો ખર્ચ કરીએ તો પણ આવા માણસો મળી શકતા નથી. મતલબ કે આ પ્રકારનાં માણસો આપણાં સમાજમાં બહુ જ જૂજ હોય છે.

કવિ આણંદે કહ્યું એમ "એક લાખું દેતાં ન મળે" અને "એક વિદેશ ગયા ન વિસરે" જેવી માણસોની આબરૂનાં પાયામાં તેઓનાં લોકો સાથેનાં વર્તન અને વ્યવહાર હોય છે. આ પ્રકારની વ્યકિતની છાપ કે આબરૂ વ્યકિતને વારસામાં નથી મળતી હોતી કે વ્યકિત હથેળીની લકીરોમાં લખીને નથી આવતી. આ પ્રકારની આબરૂ કે ખાનદાની રાતોરાત બંધાતી પણ નથી, આ પ્રકારનાં લોકોએ વર્ષો સુધી પોતાનાં વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા એક પ્રકારની સાધના કરી હોય છે, એક પ્રકારનું તપ કર્યું હોય છે, આ પ્રકારની આબરૂ કમાવા માટે વ્યકિતએ અનેકવાર, અનેક પ્રકારનાં ત્યાગ પણ કરવા પડતાં હોય છે. આવા લોકોનું જીવન પણ સરળ નથી હોતું. તેઓએ અનેક પ્રકારનાં પડકારોનો સામનો કરવો પડતો હોય છે, તેઓએ ધણીબધી મુશ્કેલીઓ વેઠવી પડતી હોય છે. તેઓએ ઘણાં બધાં વિરોધોનો સામનો કરવો પડતો હોય છે. આ પડકાર, આ વિરોધ, આ મુશ્કેલીઓ માત્ર પારકાં લોકો તરફથી જ ઊભી થતી હોય એવું નથી. વ્યક્તિએ પોતિકા તરફથી પણ ઘણુંબધું સહન કરવું પડતું હોય છે. આ પ્રકારનું બધું સહન કરતાં કરતાં, ઘણાં પ્રકારની કસોટીનાં એરણે ચડયા પછી જ વ્યકિત ઘડાતી હોય છે અને સ્નેહીજનનાં હૃદયમાં ક્યારેય ન વિસરી શકાય એવું કાયમી સ્થાન પામતી હોય છે.

પોતાનાં સ્નેહીઓ સાથે એકાદ-બે વાર કે જવલ્લે જ વ્યકિત સારું વર્તન કરે તો આ પ્રકારની આબરૂ બંધાતી નથી. વ્યકિતએ પોતાની કાયમી છાપ ઊભી કરવા માટે પોતાનાં વાણી, વર્તન અને વ્યવહારમાં સાતત્ય જાળવવું પડતું હોય છે. વ્યકિત દરેક વ્યકિત સાથેનાં પોતાનાં સુ-વર્તન અને સુ-વ્યવહારને લાંબો સમય જાળવી-ટકાવી રાખી શકે તો જ તે લાખેણી વ્યકિત બની શકતી હોય છે.

પોતાનાં સ્નેહીજનોનાં હૃદયમાં 'ક્યારેય ન વિસરી શકેલ્ર એવું સ્થાન પ્રાપ્ત કરવા માટે તે સંબંધોને કેવી રીતે નિભાવી શકે છે એ પણ ખૂબ જ મહત્વનું છે. પોતાનાં સંબંધો બાંધવા, વિકસાવવા આબે નિભાવવાની વ્યકિતની રીત ઉપર તેનો મોટો આધાર રહેતો હોય છે. પોતાનાં સંબંધોમાં વ્યકિત જો સૌ પહેલા પોતાનાં સનેહીજનનું હિત જુવે, પોતાનાં સ્નેહીજનનાં માન-સન્માન અને આદરની ખેવના કરે, સંબંધોમાં સ્નેહીજન પ્રત્યે નિષ્ઠા અને સંબંધોમાં પ્રતિબધ્ધતા દાખવે તો જ વ્યક્તિ ચિર-વિસ્મરણીય બની શક્તી હોય છે.

કવિ આણંદ પોતાનાં દરેક દુહામાં કહે છે કે "માણસે માણસે ફેર" એમ આપણે કવિએ કહ્યા એવા ક્યાં પ્રકારના માણસ બનવું છે તે આપણે પોતે જ નક્કી કરી શકીએ, બીજું કોઈ નહીં.

# જીવનમાં જેની પાસે જે હોય છે, તે બીજાને આપી શકે છે

નવાં કલેવર
નટવર હેડાઉ



મનીષે એક મકાન ખરીધ્યું. મકાન બહુ જ મોટું અને સરસ હતું. ત્રણ ઓરડાં, બેડરૂમ, રસોડું એ મોટું આંગણું. આંગણામાં જામફળ, સીતાફળ, જાંબુ, રાયણ, શેતુર અને ખૂણા પર એક મોટું આંબાનું ઝાડ પણ હતું.

તેમાં પાડોશમાં એક જૂનું જર્જરીત મકાન હતું. તેના રંગો ફિક્કા પડી ગયા હતા. દિવાલોનું પ્લાસ્ટર ક્યાંક ક્યાંક ઉખડી ગયેલું દેખાતું હતું. છતાં તે ઘરનાં વૃદ્ધો અને ત્રણ યુગલો તેમજ બાળકો મળી દસ બાર લોકો રહેતા હતા.

મનીષે એક દિવસ જોયું તો પાડોશના ઘરમાંથી કોઈએ ડોલ ભરીને કચરો તેના ઘર પાસે નાંખી દીધો હતો. મનીષે તે ઘર તરફ જોયું પણ બહાર કોઈ દેખાતું નહીં.

તે પોતાના ઘરના આંગણામાં બનાવેલા ફળોના નાના બગીચા તરફ ગયો. તેણે જોયું કે અમુક ઝાડ પર સરસ મજાનાં તાજાં અને પાકાં ફળો લાગેલાં છે. તે ઘરમાંથી ડોલ લઈ આવ્યો. જોઈ જોઈને પાકાં ફળો ડોલમાં ભર્યા અને પાડોશીના ઘર તરફ ચાલતો થયો.

મનીષ સાંજે પાડોશીના ઘરે ગયો. તેણે ડોલબેલ વગાડી.

તે ઘરનાં માણસો એ જયારે કી-હોલમાંથી જોયું તો બહારનું દશ્ય જોઈ વિચારમાં પડી ગયા. તેમને ખુબ બેચેની થઈ. તેમને એમ લાગ્યું કે તેમનો પાડોશી મનીષ સવારના બનેલા બનાવ સંદર્ભે તેમની સાથે ઝઘડવા આવ્યો છે. તેથી તેઓ પહેલેથી સજ્જ થઈ ગયા. અને સાચું ખોટું વિચારવા લાગ્યા.

પરંતુ જ્યાં તેમણે બારણું ખોલ્યું તો તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. અરે ! આ શું ?

પાકાં રસદાર ફળો ભરેલી ડોલ લઈ તેમનો પાડોશી મનીષ ઊભો હતો. તેના ચહેરા પર સ્મિત હતું. આખા ઘરમાં હલચલ મચી ગઈ. આવું દશ્ય આ પહેલાં તેમણે કયારેય જોયું ન હતું. એક એક કરીને ઘરનાં બધાં જ સભ્યો બારણાં પાસે આવીને ઊભાં રહી ગયા. સૌ સાંજે હેરાન-પરેશાન હતા.



મનીષે કહ્યું, 'હું અંદર આવી શકું?'

બધાં એક બાજુ ખસી ગયા અને મનીષને ઘરમાં આવવા માટે આવકાર્યો. તેણે ઘરનાં બધાં સભ્યો તરફ એક નજર નાંખી બધાનાં ચહેરાનું ખુબ બરાબર નિરીક્ષણ કર્યું.

પાડોશીના ઘરના બધા સભ્યોનું ધ્યાન પણ નવાગંતુક પાડોશી મનીષ તરફ ગયું. તેનો હસતો ચહેરો અને ફળોથી ભરેલી ડોલ જોઈ તે વિચારતા હતા કે આ અત્યારે શા માટે આવ્યો છે? ફળોની ભરેલી ડોલ શું કામ લાવ્યો હશે? હવે તે આપણી સાથે કેવું વર્તન કરશે, શું કહેશે ? તેમના ચહેરા પરના આવા જાત જાતના સવાલોને જોતાં મનીષે ધીમે રહીને કહ્યું, 'મારી પાસે જે હતું તે લઈને આવ્યો છું.'

પાડોશી મનમાં ને મનમાં વિચારવા લાગ્યા. આના ઘર પાસે કચરો નાખીને આપણે સારું નથી કર્યું.

સાચી જ વાત છે કે જીવનમાં જેની પાસે જે હોય છે, તે બીજાને આપી શકે છે.

# શું તમે વિદેશગમન માટે આતુર છો - તો આ પણ જાણો

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com



સમગ્ર વિશ્વમાં માનવ આબાદી સતત વધી રહી છે એટલે જીવન જીવવા માટે અને વિકાસ માટે અનેક સમસ્યાઓ પણ વધી રહી છે. વધતી વસ્તી પ્રગતિનો પાયો ગણવાના નવા જ અર્થશાસ્ત્રમાં કંઈક ખામી ચોક્કસ છે કેમ કે માનવબળ એ ઉપભોક્તા કે વપરાશકાર પણ છે તથા એ ઉત્પાદનના અંગો પૈકી એક મહત્ત્વનું અંગ છે ! વર્ષોથી લોકો પોતાના વતનને છોડીને અન્ય દેશોમાં વિવિધ કારણોસર જાય છે અને હવેના યુગમાં જયાં કામની તક યા શિક્ષણની ગુણવત્તાને ધ્યાનમાં લઈ નવી પેઢીનો યુવાવર્ગ ઝડપથી વિદેશ જવા આતુર થયો છે એમાં કોઈ શંકા નથી. પુષ્કળ યુવાનો વિદેશ જવા ઘાંઘા થયા છે જયારે પાસપોર્ટ અને વિઝા કચેરી ઉપર જઈને નિરીક્ષણ કરો ત્યારે જ ખ્યાલ આવે છે. ભારત જેવો વૈવિધ્ય ધરાવતો દેશ વતન તરીકે હોવા છતાં આટલી ઘેલછાં વિદેશની શા માટે છે એ પ્રશ્ન પણ મહત્ત્વનો બની જાય છે! ભારત વિકાસશીલ દેશોની સૂચિમાં આવે છે. આપણે પૂર્ણતઃ વિકસિત થઈ શક્યા નથી તેના હજારો કારણો છે. છતાં પ્રવર્તમાન સરકારનો મહામંત્ર સબ કા વિકાસનો રહ્યો છે. આ માર્ગે કોરોના મહામારીએ જબરી હાનિ પહોંચાડી જ છે જેમાં કોને દોષ દેવો ? એક વાત દિલમાં સૌ એ કોતરાવી રાખવી જ પડશે. 'વતન જેવું કોઈ વહાલ નથી.' વિદેશગમનમાં પ્રથમ સ્ટુડન્ટ વિઝા લઈ અભ્યાસ માટે જનારા સૌથી વધુ છે ત્યારબાદ સ્કીલ્ડ લેબર્સ, પ્રોફેશનલ્સ આવે છે. કાનૂની પ્રક્રિયા તો બધાએ પૂર્ણ કરવી જ પડે છે પરંતુ જે વાત હવે કરવાની છે એ અતિ મહત્ત્વની છે. ભારતમાં ત્રણ ઋતુઓ, તહેવારો, આસ્થા સ્થાનો, સામાજિક મિલન તથા સંબંધોની મૂડી જે જોવા મળે છે એ બધુ વિદેશમાં ગયા બાદ ગાયબ જેવું થઈ ગયાના અહેસાસથી વ્યક્તિ ભાંગી પડે છે પણ કોઈ સાચી કબુલાત કરતું નથી. આનો અર્થએ જ છે કે અહીં જીવન ધબકતું અને સંવેદનશીલ છે જયારે ઠંડા પ્રદેશોમાં જીવન અતિ વિષય છે ત્યાં કદાચ કમાણી વધુ અને ડૉલરમાં મળી જાય છે પરંતુ વ્યક્તિ જીવનથી દૂર થઈ મશીન જેવી થઈ જાય છે ! જીવનને કઈ રીતે મુલવો છો એ બાબત અતિ મહત્ત્વની છે.

**'અધુરા રહેવાની પણ એક મજા છે.**
**પૂર્ણતા પૂર્ણવિરામ જેવી હોય છે.'**

હાલમાં જ કેનેડા છ માસ જવાનં થયું એટલે ત્યાંના જીવન ચક્ર ને જોવા જાણવાનો એક અવસર પ્રાપ્ત થયો એટલે જ આ નિરીક્ષણને કોલમમાં રજૂ કરવાની પ્રબળ ઈચ્છા થઈ !! પરંતુ કાયદા-કાનૂનની પક્કડ અતિ વિશેષ હોવાથી જીવ ગુંગળામણ જરૂર અનુભવે છે. રોડ રસ્તા ઉપર ટ્રાફિકના નિયમોનું ચુસ્ત પાલન કરે છે પરંતુ રોડ ઉપર ટ્રાફિક પોલિસ જોવા મળે નહિં મતલબ કે ત્યાં નિયમ પાલન ઉચ્ચ કક્ષાએ છે. જેટલા તળાવ ત્યાં છે તેના કિનારે પણ કોઈ ગંદકી જોવા મળે નહી. કિનારા ઉપર કોઈ લારી ગલ્લા-કેબિન-લારી વગેરે હોતા જ નથી. ઘેરેથી લાવેલી ખાદ્ય સામગ્રીનો ઉપયોગ કર્યા બાદ ડસ્ટબિનમાં લોકો મુકી દે છે. મોટા અવાજે બોલવાનો અર્થ અશિક્ષિત થતો હોવાથી બધા ખુભ શાંતિથી જ વાતચીત કરતા હોય તેવું જોવા મળ્યું. મુખ્ય મોટા શહેરોને બાદ કરતાં અન્ય વિસ્તારોમાં સિટીબસ, ઓટો રિક્ષા, માલવાહક રિક્ષા વગેરે જોવા મળે નહીં કે ના કોઈ ફેરિયા જોવા મળે ! આ ઉપરાંત અહીં કોઈ મંદિરો કે ધાર્મિક જગ્યાઓ દૃષ્ટિમાં આવતી નથી. અર્થાત્ કોઈ મોટી ધાર્મિક ઉજવણી કે તહેવારનો લગભગ અભાવ જોવા મળે છે. અત્યંત ઠંડા પ્રદેશમાં અન્ય જીવો પણ મર્યાદિત જોવા મળે છે. સામાજિક જીવન જેવું ગાયબ બહુધાં લોકોને એકલતા ભર્યું જીવન પસંદ હોય તેવું સ્પષ્ટ લાગ્યું - એટલે જતા સમયમાં લોકો ડ્રિપ્રેશનમાં જાય છે અથવા આત્મ હત્યા કરી લેવાની ઘટના જોવા મળે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે અહીં કોઈ પાસે સમય નથી વર્કકલ્ચર સમયબદ્ધનું છે અને શનિ-રવિની રજા હોય છે પણ તેમાં ભારત જેવું કંઈ જોવા મળતું નથી. અહીંની બેંકો બચત ઉપર વ્યાજ આપતી નથી અથવા બચતવૃત્તિનો ખ્યાલ નથી સોમથી શુક્ર કમાઈને શનિ-રવિમાં વાપરી લેવાનું એટલે સિનિયર સિટીઝન્સ સૌથી વધુ પરેશાન છે કેમ કે સંતાનો પુખ્યવયે તેના મનપસંદ પાત્ર સાથે જુદા થઈ જાય છે એટલે ફાધર્સ ડે, મધર્સ ડે વખતે મનમાં આવે તો માબાપ ને મળવા આવે કે ના પણ આવે ! એક જ ચાલકબળ ત્યાં છે અને એ ડોલરમાં કમાણી બસ એના માટે જીવનની મજા ત્યજી ને ત્યાં લોકો સેટ પર થઈ જાય છે. દરેક બાબતે નિયમ પાલન અતિ કડક છે એ મનને રુચે જ નહીં ભારત જેવું સુંદર જીવન ત્યાં પીડા બનીને યાદમાં સતાવે છે.

શૅર આસ્વાદ :

**પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર ?**
**એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર ?**

**(રમેશ પારેખ)**